પોલીસ કમીશ્નર કચરી, અમદાવાદ શહેર.

જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/ ૨૯ /૨૦૧૭ તા.૧૪/૧૦/૨૦૧૭

ફોન નં.૦૭૯ – ૨૫૬૨૦૧૬૦

---

જાહેરનામુ :

આગામી દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાઓના કારણે આગ,અકસ્માત થવા ન પામે અને જાહેર જનતાની સલામતી ખાતર અને અગવડ ન પડે તે આશયથી દારુખાના(ફટાકડા)ના ઉપયોગ અને વપરાશ ઉપર નિયંત્રણ મુકવુ ઇષ્ટ જણાય છે. જેથી આ જાહેરનામુ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે,ગુજરાત પોલીસ અધિનીયમ સને.૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બ) તેમજ કલમ ૩૩ (૧) (યુ) થી મને મળેલ અધિકારને રૂએ હું એ.કે.સિંઘ,પોલીસ કમીશ્નર,અમદાવાદ શહેર,આથી નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

**: કૃત્યો :**

(૧) લોકોને ભય,હરકત અથવા અગવડ થાય તે રીતે ફટાકડા,દારુખાનું ફોડવું નહીં.

(૨) લોકોને અગવડ ઉભી ન થાય તે માટે અમદાવાદ શહેરના બજારો,શેરીઓ,ગલીઓ,જાહેર રસ્તાઓ, હોસ્પીટલ,જાહેર જગ્યાઓ,પેટ્રોલ પંપ,અન્ય સળગી ઉઠે તેવા ગોદામ,જગ્યાઓ,કેરોસીનના ગોદામ,દુકાન,એ.લ.પી.જી બોટલીગ પ્લાન્ટ,આઇ.ઓ.સી પ્લાન્ટ,એ.એસ.એફ પ્લાન્ટ તથા આવા બલ્ક પ્લાન્ટ,એલપીજી ગેસના સ્ટોરેજ,ગોદામ તથા એરોપ્લેનની જગ્યા નજીક,સળગાવ્યા પછી ઉચે ચડી ફુટતુ દારુખાનું,અગર સીડી,ભોચકરડી,હવાઇ એટમ બોંમ,ચાઇનીઝ ફટાકડા,રોકેટ તેમજ હાથથી છુટા ફેંકી શકાય તેવા ગાંડા રોકેટ,ઉંદરડી પ્રકારનાં ફટાકડા,આતશબાજી,આતશબાજુનું બલુન,ચાઇનીઝ તુક્કલ,રોકેટ,અને અન્ય જોખમી ફટાકડા ન ફોડવા,રાખવા,વેચવા મનાઇ ફરમાવું છું.

(૩) વિદેશી ફટાકડા તેમજ હાથથી છુટા ફેંકી શકાય તેવા ગાંડા રોકેટ,ચાઇનીઝ તુક્કલ,આતશબાજ રોકેટ,જેવા ફટાકડા કોઈએ આયાત કરવા,રાખવા,વેચવા,ઉપયોગ કરવા મનાઇ ફરમાવું છું.

(૪) હોસ્પીટલનાં દર્દી,સ્કુલ,સ્કુલનાં બાળકો,સીનીયર સીટીઝન,રાહદારીને અગવડ ઉભી થાય તે રીતે ફટાકડા ફોડવા મનાઇ ફરમાવું છું.આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઇપીસી કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે

આ જાહેરનામાનો અમલ તારીખ :૧૪/૧૦/૨૦૧૭ થી તારીખ :૦૫/૧૧/૨૦૧૭ સુધી રહેશે.

આજ રોજ તારીખ : ૧૪/૧૦/૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.




(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

**નકલ સવિનય રવાના :**

૧.મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારુ